# સંકલિત હાથસાળ વિકાસ યોજના

## માર્ગદર્શક સૂચનાઓ

હાથસાળ વિકાસ આયુકતની કચેરી
કાપડ મંત્રાલય
ઉદ્યોગ ભવન,
નવી દિલ્હી

# સંકલિત હાથસાળ વિકાસ યોજના

## ૧. પૂર્વભૂમિકા

ભારતમાં હાથસાળ ક્ષેત્ર રોજગારી પૂરી પાડતું બીજા નંબરનું સૌથી મોટું ક્ષેત્ર છે, જે લગભગ ૬૫ લાખ લોકોને રોજગાર પૂરો પાડે છે. આ ક્ષેત્ર, ભારતના હાથ વણાટની કામગીરીના પ્રાચીન વારસો હજુ પણ જીવંત છે તેની ઝાંખી કરાવે છે અને વણકર સમુદાયની સામાજિક–સાંસ્કૃતિક પરંપરાનું દર્શન કરાવે છે. ભારત સરકાર અનેક નીતિઓ, કાર્યક્રમ દ્વારા હાથસાળ સેકટરને પ્રોત્સાહન પૂરું પાડે છે. ભારત સરકારે નવમી અને દસમી પંચવર્ષીય યોજનામાં હાથસાળ ક્ષેત્ર સાથે જોડાયેલી રાજયની એજન્સીઓ અને સહકારી મંડળીઓના માઘ્યમથી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આમ છતાં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં કાપડ ઉદ્યોગમાં વધતી જતી સ્પર્ધા એમએફએ પછીની પરિસ્થિતિમાં મુકત વ્યાપારની વધતી જતી તકોના સંદર્ભમાં, હાથસાળ વણકરોને વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે સમર્થ બનાવવા આ ક્ષેત્રમાં એક સઘન પરંતુ પરિવર્તનશીલ સર્વગ્રાહી અભિગમ અપનાવવાની જરૂરિયાત વધુને વધુ અનુભવાતી જાય છે. બજારમાં આકાર લઈ રહેલાં વલણોને અનુરૂપ વૈવિઘ્યપૂર્ણ વિકાસનો એક સાતત્યપૂર્ણ માર્ગ તૈયાર કરવા માટે વણકરોને સમર્થ બનાવવાની જરૂરિયાત પણ વર્તાઈ રહી છે. સંકલિત હાથસાળ વિકાસ યોજના, પસંદ કરવામાં આવેલા હાથસાળ સમૂહોની અંદરના તેમજ બહારના વણકરોનો સાતત્યપૂર્ણ વિકાસ સુગમ બનાવવા માટેનો એક ઉપાય છે, જેથી તેઓ એક સંયોજિત, સ્વ–સંચાલિત અને સ્પર્ધાત્મક સામાજિક–આર્થિક એકમ તરીકે વિકસી શકે.

## ૨. સંકલિત હાથસાળ વિકાસ યોજના–એક કેન્દ્ર પુરસ્કૃત યોજના

અગિયારમી પંચવર્ષીય યોજના દરમિયાન અમલમાં મૂકવામાં આવનાર સંકલિત હાથસાળ વિકાસ યોજના એ દશમી પંચવર્ષીય યોજના દરમિયાન અમલમાં મૂકવામાં આવેલી ચાર યોજનાઓ એટલે કે દીન દયાલ હાથસાળ પ્રોત્સાહન યોજના, સંકલિત હાથસાળ તાલીમ પરિયોજના, સંકલિત હાથસાળ સમૂહ (કલસ્ટર) વિકાસ યોજના અને વર્કશેડ સહ આવાસન યોજનામાં ફેરફાર કરીને અથવા ફેરફાર કર્યા વિના, તેમના મહત્વના ઘટકોનું સંયોજન કરીને ઘડવામાં આવેલી એક કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.

## ૩. યોજનાના ઘટકો

આ યોજનાના ચાર ઘટકો છે, જે નીચે મુજબ છે.

| ક્રમ નં. | સંકલિત હાથસાળ વિકાસ યોજના | નાણાકીય સહાય માટે પાત્ર બનતા સંકલિત હાથસાળ વિકાસ યોજનાના ઘટકો |
|---|---|---|
| ક. | એક સમૂહ (કલસ્ટર) દીઠ ૩૦૦–૫૦૦ જેટલી હાથસાળો ધરાવતા હોય એવા સમૂહો | ૧. આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ અને સ્વ–સહાય જૂથોની રચના<br>૨. કોન્સોર્ટિયમની રચના<br>૩. યાર્ન ડિપો ઊભાં કરવા માટે કોર્પસ ફંડ ઊભું કરવું<br>૪. ડિઝાઈન તૈયાર કરવી અને ઉત્પાદનનું વૈવિધ્યીકરણ<br>૫. સહિયારું સુવિધા કેન્દ્ર / ડાઈહાઉસ<br>૬. પ્રચાર અને બજાર વ્યવસ્થા<br>૭. પરિયોજના સંચાલન ખર્ચ<br>૮. મૂળભૂત નિવેશ<br>૯. કૌશલ્યની કક્ષા ઊંચી લઈ જવી<br>૧૦. વર્કશેડનું બાંધકામ |
| ખ. | કલસ્ટરની બહાર, નજીકના ભૌગોલિક વિસ્તારમાં પરિયોજના રૂપે અમલમાં મૂકવાનો જૂથ અભિગમ | ક. મૂળભૂત વિનેશ<br>ખ. વર્કશેડનું બાંધકામ<br>ગ. કૌશલની કક્ષા ઊંચી લઈ જવી |
| ગ. | હાથસાળ સંગઠન માટે સહાય | ૧. બજારસંબંધી પ્રોત્સાહનો<br>૨. હાથસાળ સંગઠનો સંગીન બનાવવાં |
| ઘ. | અન્ય | ૧. મૌલિક વિચારો / યુક્તિઓ<br>૨. યોજનાનો પ્રચાર, દેખરેખ, નિયંત્રણ, તાલીમ અને મૂલ્યાંકન |

## ૪. યોજનાના ઉદ્દેશો :–

- ❖ પસંદ કરેલા હાથસાળ સમૂહોમાં દેખાઈ આવે એવાં ઉત્પાદન જૂથ તરીકે હાથસાળ વણકરોનાં જૂથો રચવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- ❖ હાથસાળ વણકરોનાં જૂથો સ્વાવલંબી બની શકે એ માટે તેમને સહાય કરવી.
- ❖ સહકારી માળખાની અંદર અને બહારના વણકરોને આવરી લેતો એક સર્વગ્રાહી અભિગમ અપનાવવો.
- ❖ બજારની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, વધુ સારી ગુણવત્તા ધરાવતી વૈવિધ્યપૂર્ણ ચીજવસ્તુઓ બનાવી શકાય એ માટે હાથસાળ વણકરો / કારીગરોના કૈશલની કક્ષા ઊંચી લઈ જવી.
- ❖ વધુ સારી ઉત્પાદકતા સાથે ગુણવત્તાપૂર્ણ ઉત્પાદન કરી શકાય એ માટે વણકરોને કામ કરવા માટેનું યોગ્ય સ્થળ પૂરું પાડવું.
- ❖ માર્કેટીગ માટે ઉદ્યોગ સાહસિકો, ડિઝાઈનરો અને વ્યાવસાયિકોને સાંકળીને યોગ્ય બજાર – વ્યવસ્થા ઊભી કરવી, ઉત્પાદન અંગેની ડિઝાઈન તૈયાર કરવી અને ઉત્પાદનસંબંધી વ્યવસ્થાપન કરવું.
- ❖ નાણાકીય સંસ્થાઓ / બેંકો પાસેથી ધિરાણ મેળવવામાં સહાય કરવી.
- ❖ વણકરોની સહકારી મંડળીઓ સ્થાપવામાં પ્રોત્સાહન આપવું.
- ❖ દરેક કલસ્ટર / જૂથને ધ્યાનમાં રાખીને તેમની જરૂરિયાત મુજબ નિવેશ સામગ્રી પૂરી પાડવા માટે સર્વગ્રાહી અને પરિવર્તતનશીલ ઉપાયો કરવા.

**ભાગ–૧**

## (ક) કલસ્ટર વિકાસ કાર્યક્રમ (૩૦૦–૫૦૦ જેટલી હાથસાળો ધરાવતા કલસ્ટરો (સમૂહો) માટે સહાય

કલસ્ટર વિકાસ માટેનો અભિગમ નજરે પડે એવા વણકર જૂથો રચવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી આ જૂથો સ્વાવલંબી બની શકે. જેમાં કલસ્ટર દીઠ ૩૦૦ થી ૫૦૦ હાથસાળો હોય એવા ૬૨૫ કલસ્ટરો રચવાનું કામ અગિયારમી પંચવર્ષીય યોજના દરમિયાન હાથ ધરવામાં આવશે. જેમના અંગે ૨૦૦૭–૦૮ના વર્ષ દરમિયાન નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે એવાં ૧૦૦ કલસ્ટર્સનો પણ આમાં સમાવેશ થાય છે. તેમજ વર્ષ

૨૦૦૭–૦૮ ના અંદાજપત્રમાં જાહેર કરવામાં આવ્યાં છે એ કલસ્ટરોને પણ તેમાં આવરી લેવામાં આવશે.

## (ક.૧) કલસ્ટર (સમૂહ)ની વ્યાખ્યા

હાથસાળ કલસ્ટર (સમૂહ) એટલે એવું સ્થળ જયાં મોટી સંખ્યામાં હાથસાળો આવેલી હોય, જે હાથ વણાટનું કાપડ બજારની જરૂરિયાતો મુજબ તૈયાર કરતી હોય. આવી હાથસાળો એક જ વહીવટી જિલ્લાની અંદર આવેલાં બે નજીકનાં મહેસૂલી પેટા પ્રભાગો / ગામોમાં અથવા નજીકનાં બે જિલ્લાઓમાં નજીક – નજીકનાં અંતરે આવેલી હોઈ શકે. નાનાં પર્વતીય રાજયોમાં, જયાં ગામો / પેટા પ્રભાગો નાનાં કદનાં હોય છે, ત્યાં કલસ્ટરોનું ન્યૂનતમ કદ જળવાઈ રહે તે માટે ગામો / પેટા પ્રભાગોની સંખ્યામાં વધારો કરવામાં આવશે. સમગ્ર દેશમાં આવેલાં કલસ્ટરોમાં હાથસાળોની સંખ્યા ઘણી ઊંચી છે. પરંતુ આ યોજનાના હેતુ માટે કલસ્ટરનું કદ ૩૦૦–૫૦૦ જેટલી હાથસાળો સુધી મર્યાદિત બનાવવામાં આવશે.

## (ક.૨) આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ અને કલસ્ટર વિકાસ યોજના એકઝીકયુટીવ (સીડીઈ)

## (ક.૨.૧) આધારરૂપ મોજણી

આધારરૂણ મોજણી કરવા માટે, કલસ્ટરનો પ્રોફાઈલ તૈયાર કરવા એટલે કે ત્યાં કેટલી હાથસાળો ચાલુ છે, તેમનો પ્રકાર કેવો છે, વણકરોની સંખ્યા (પુરુષો / સ્ત્રીઓ સામાન્ય / અનુ.જાતિઓ / અનુ.આ.જા./ અન્ય પછાત વર્ગો / લઘુમતી વગેરે), કયા પ્રકારના યાર્નનો ઉપયોગ કરવામાં આવે છે, બનાવટની રેન્જ શું છે, વણકરની સરેરાશ આવક કેટલી છે વગેરે જાણવા માટે કલસ્ટરના દરેક વણકરની મુલાકાત લેવી જરૂરી બનશે. આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ હાથ ધરનાર સંગઠન માટે પ્રોફાઈલનો પ્રોફોર્મા જોડાણ–ક–૧માં આપવામાં આવ્યો છે. આધારરૂપ મોજણી અને કલસ્ટરમાં વ્યકિતગત વણકરોને જરૂરી સહાય માટેની વિગતો અંગેનો પ્રોફોર્મા જોડાણ–ક–૨ માં આપવામાં આવ્યો છે.

## (ક.૨.૨) નિદાનાત્મક અભ્યાસ

અમલમાં મૂકી શકાય એવી કાર્યયોજના હાથ ધરવા માટેનું પ્રથમ પગથિયું છે કલસ્ટરોનું નિદાન કરવું. તેનાથી કલસ્ટરની ક્ષમતાઓ અને મર્યાદાઓ, તે કયા પર્યાવરણમાં કામ કરે છે અને અસરકારક ઉત્પાદન માટે કયાં વ્યૂહાત્મક પગલાં લેવાં જરૂરી છે તે જાણી શકાય છે. આ પ્રકારના નિદાનથી કલસ્ટરને વ્યૂહાત્મક દિશા અને એક નિશ્ચિત સમયગાળામાં તે કેટલા ઉત્પાદન સુધી પહોંચવા માગે છે તે નકકી કરી શકાશે, કયાં નકકર પગલાં લેવાં એ કલસ્ટરનાં વણકરો વચ્ચે વિશ્વાસ ઊભો થતાં નકકી કરી શકાશે. નિદાન કરવા પાછળનાં મુખ્ય ઉદેશ છે (ક) કલસ્ટરમાં હાથસાળો હાલમાં કેવી સ્થિતિમાં કામ કરી રહી છે તે સમજવું અને તેનું વિશ્લેષણ કરવું એટલે કે વ્યાપારલક્ષી કામગીરી, ઉત્પાદનની પ્રવૃત્તિના પ્રકાર, ચીજવસ્તુની રૂપરેખા, ઉત્પાદનની પેટર્ન અને તે માટે બજારમાં રહેલી વર્તમાન સંભાવનાઓ વગેરેનું વિશ્લેષણ કરવું, (ખ) કલસ્ટરનું સ્વોટ વિશ્લેષણ એટલે કે ક્ષમતાઓ, મર્યાદાઓ, તકો અને પડકારો અંગેનું વિશ્લેષણ, (ગ) ઊણપો અને અવરોધો પારખવા માટે વેલ્યુચેઈન એનાલિસીસ (ઘ) હાથસાળસંબંધી કાર્યપધ્ધતિઓ સાથે સંકળાયેલી સ્થાનિક સંસ્થાઓનું સામાજિક / સંસ્થાગત વિશ્લેષણ (ચ) કલસ્ટર કયા પ્રકારના સામાજિક – આર્થિક વાતાવરણમાં કામ કરે છે તે સમજવું (છ) કલસ્ટર અને બજાર વગેરેની ક્ષમતાને કામે લગાડવા માટે જરૂરી કાર્યયોજનાના સંદર્ભમાં કરવાની ભલામણો, હાથ ધરવામાં આવેલા નિદાનાત્મક અભ્યાસ તેમજ કાર્યયોજનાની વિગતો રજૂ કરવા માટેનો પ્રોફોર્મા જોડાણ–ક–૩માં દર્શાવવામાં આવ્યો છે.

## (ક.૨.૩.) કલસ્ટર વિકાસ માટેના એકઝીકયુટીવ (સીડીઈ)

દરેક અમલકર્તા એજન્સી, દરેક કલસ્ટર માટે એક કલસ્ટર વિકાસ એકઝીકયુટીવ પસંદ કરશે અને તેમની નિમણુંક કરશે. આ સીડીઈ સંબંધિત કલસ્ટરમાં જ રહેતા હોવા જોઈએ અને તેઓ તેમને સોંપવામાં આવેલા કલસ્ટરમાં આ યોજનાનો અમલ કરવા માટે જવાબદાર રહેશે સીડીઈની જવાબદારીમાં નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવો, કલસ્ટરની કાર્યયોજના મુજબ નિયત સમયમર્યાદામાં પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવો અને પ્રોજેકટનો અમલ કરવો, વણકરોના સ્વ–સહાય જૂથો રચવાં અને બેંકો / નાણાકીય સંસ્થાઓ સાથે તેમનો સંપર્ક કરાવવો, સ્થાનિક પ્રશાસનની રૂપરેખા ઘડવી, કલસ્ટરના વણકરોના રાષ્ટ્રીય હાથસાળ વિકાસ નિમગ લિમિટેડ, લખનૌ સાથે સંપર્ક કરાવવો જેથી તેઓ તેમની

જરૂરિયાત મુજબ ગુણવત્તાપૂર્ણ યાર્ન, ડાઈઝ અને કેમિકલો મેળવી શકે. કલસ્ટર વિકાસની તેમજ સીડીઈની પ્રવૃત્તિઓમાં સહયોગ કરવા તેમજ તેના પર દેખરેખ રાખવાની પ્રક્રિયામાં કલસ્ટરના હિતધારકોને સામેલ કરવા માટે કલસ્ટર સ્તરે એક કલસ્ટર વિકાસ સંકલન જૂથ રચવામાં આવશે, તેના અધ્યક્ષપદે સંબંધિત હાથસાળોન મદદનીશ નિયામક અથવા રાજયના હાથસાળ અને કાપડના નિયામક દ્વારા પદનામિકત કરવામાં આવેલા કોઈપણ અધિકારી (જે હાથસાળ અંગેની કામગીરી કરતા હોય) રહેશે. આ જૂથમાં વણકરો, સ્વસહાય જૂથો, પ્રાથમિક વણકર સહકારી મંડળીઓ, હાથસાળ ઉપક્રમો, નિકાસ એકમો અને સહાય સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ, કૃષિ અને ગ્રામીણ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક (નાબાર્ડ), બેંકો, રાજય સરકારની એજન્સીઓના પ્રતિનિધિઓનો સમાવેશ થશે.

**(ક.૩) કલસ્ટર વિકાસ માટેની નાણાકીય સહાય માટે પાત્ર બનતી બાબતો**

દરેક કલસ્ટરનું મહતમ પરિયોજના ખર્ચ ૩ વર્ષના પરિયોજના સમયગાળા માટે રૂા.૬૦.૦૦ લાખ સુધીનું રહેશે.

**(ક.૩.૧) કલસ્ટર વિકાસ : આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ અને સ્વ–સહાય જૂથોની રચના**

પસંદ કરાયેલાં કલસ્ટર્સ માટે કલસ્ટર વિકાસ અભિગમ અપનવવામાં આવશે. તે માટે પારખવામાં આવેલી અમલકર્તા એજન્સી સંબંધિત કલસ્ટરની આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ હાથ ધરશે અને જુદા જુદા હિતધારકો સાથે પરામર્શન કરીને તે એક સર્વગ્રાહી કલસ્ટર વિકાસ યોજના ઘડશે. અમલકર્તા એજન્સી સંબંધિત કલસ્ટરમાં પણ સ્વસહાય જૂથો રચશે અને ધિરાણ મેળવવા માટે તેમનો સંપર્ક બેંકો સાથે કરાવી આપશે. એક કલસ્ટરને આધારરૂપ મોજણી કરવા, નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવા, સ્વસહાય જૂથો રચવા અને તેમને તાલીમ આપવા માટે એક વખત એકસામટી રૂા.૧,૨૫,૦૦૦/–ની સહાય આપવામાં આવશે. અમલકર્તા એજન્સી રાજય સરકાર પોતે હોય એવા કિસ્સામાં રાજય સરકાર જ આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ, સ્વસહાય જૂથોની રચના અને તેમને તાલીમ આપવાની કામગીરી હાથ ધરશે અને તે માટે કોઈ નાણાકીય સહાય આપવામાં નહિ આવે.

## (ક.૩.૨) કોન્સોર્ટિયમની રચના

કોન્સોર્ટિયમમાં સ્વ–સહાય જૂથો, સહકારી મંડળીઓ, માસ્ટર વણકરો, ખાનગી ઉદ્યોગ સાહસિકો, બિન સરકારી સંગઠનો વગેરેમાંથી આવતા હિતધારકોનો સમાવેશ થશે. તેમણે વણકરો સાથે વાતચીત કરવી અને બેંકો / નાણાકીય સંસ્થાઓ, બજાર સંસ્થાઓ / માર્કેટીંગના નિષ્ણાતો, માર્કેટર્સ, કાનૂની નિષ્ણાતો, સરકારી તંત્ર, વણકરો વગેરે જેવી સંસ્થાઓ સાથે જોડાણો કરવા જરૂરી બનશે. બેઠકો યોજવા, લેખન સામગ્રીની ખરીદી કરવા, ક્ષેત્ર મુલાકાતો લેવા, વ્યાપાર અને જાગૃતિ માટેની તાલીમ યોજવા, કોન્સોર્ટિયમની સ્થાપના માટે કાનૂની નિષ્ણાતો રોકવા તેમજ વ્યાપારના વિકાસ માટે અન્ય વ્યાવસાયિકો રોકવા માટેના ખર્ચને પહોંચી વળવા આ ઘટક નીચે કલસ્ટર દીઠ રૂા.૫૦૦૦૦/– ની એક સામટી સહાય પૂરી પાડવામાં આવશે. આવી સહાય કલસ્ટરમાં ૧૦૦ ટકા કેન્દ્રિય અનુદાન તરીકે એકવાર આપવામાં આવશે. આ કોન્સોર્ટિયમ પાછળથી એટલે કે ૩જા વર્ષમાં કે ત્યારબાદ કલસ્ટરની પ્રવૃત્તિઓ સંભાળી લેશે અને પોતે આત્મનિર્ભર બનીને કલસ્ટર ચલાવશે.

## (ક.૩.૨) યાર્ન ડિપો ઊભો કરવા માટે કોર્પસ ફંડની રચના કરવી

હાલમાં, વણકર / એજન્સીએ યાર્નની ખરીદી કરવા માટે રાષ્ટ્રીય હાથસાળ વિકાસ નિગમ (એનએચડીસી) ને આગોતરી રકમ ચૂકવવી પડે છે અને એનએચડીસી લગભગ ૩–૪ અઠવાડિયામાં યાર્નની ડિલીવરી કરે છે. આનાથી ઉત્પાદનની પ્રક્રિયા વિલંબમાં પડે છે, આમ, એક મહિના માટે ૩૦૦–૫૦૦ સાળો ચલાવવા માટે જરૂરી તારનું યાર્ન નિયમિત રીતે મળતું રહે એ સુનિશ્ચિત કરવા એનએચડીસીને કોર્પસ ફંડ તરીકે રૂા.૩૦૦ લાખની એક સામટી સહાય પૂરી પાડવામાં આવશે. જેથી એનએચડીસી યાર્ન ડિપો મારફત કલસ્ટરમાં વણકરોને યાર્ન પૂરું પાડી શકે. વણકરોએ કરેલી ચુકવણી સામે ડિપો તેમને યાર્ન પૂરું પાડશે.

## (ક.૩.૪.) ડિઝાઈન તૈયાર કરવી અને બનાવટનું વૈવિધ્યીકરણ કરવું

કોમ્પ્યુટરસહાયિત ટેક્ષટાઈલ ડિઝાઈન (સીએટીડી) પ્રણાલી ખરીદવા માટે રૂા.૩.૦૦ લાખની એક સામટી સહાય પૂરી પાડવામાં આવશે અને કલર ફોરકાસ્ટ, ટ્રેન્ડ ફોરકાસ્ટ અને અન્ય સંલગ્ન જરૂરિયાતો પણ પૂરી પાડવામાં આવશે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર / લાભાર્થીઓ / અમલકર્તા એજન્સીઓનો સમાન હિસ્સો રહેશે. ૩ વર્ષ

માટે એક લાયકાત ધરાવતા ડિઝાઈનરને રોકવા માટે રૂા.૬.૦૦ લાખ સુધીની સહાય પૂરી પાડવામાં આવશે. ડિઝાઈનર રોકવા માટેની સમગ્ર સહાયનું ખર્ચ ભારત સરકાર ભોગવશે.

## (ક.૩.૫.) સહિયારુ સુવિધા કેન્દ્ર / ડાઈ હાઉસ

સહિયારુ સુવિધા કેન્દ્ર ઊભું કરવા માટે એક વખત સહાય આપવામાં આવશે. આ કેન્દ્રમાં પાણી શુધ્ધ કરવા માટેનો પ્લાન્ટ (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ), ગંદા પાણીના નિકાલ માટેનો પ્લાન્ટ, પ્રિ–લુમ અને પોસ્ટ લુમ ઓપરેશન્સ, ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળા, દર્શન અને પ્રદર્શન હોલ / કમિટિરૂમ / સહિયારુ વર્કશેડનો સમાવેશ થશે. તે માટેનું ૧૦૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે. સહિયારા સુવિધા કેન્દ્રના એક ભાગ તરીકે ડાઈ–હાઉસ તૈયાર કરવું જરૂરી જણાય તો તે જાહેર અને ખાનગી ભાગીદારીના ધોરણે તૈયાર કરવાનું રહેશે અને તેમાં શરત એ રહેશે કે તેનું ૨૦ ટકા ખર્ચ રાજય / ઉદ્યોગ સાહસિક / એજન્સી / કોન્સોર્ટિયમે ભોગવવાનું રહેશે અને બાકીના ૮૦ ટકા ખર્ચ માટે કેન્દ્રિય અનુદાન પૂરું પાડવામાં આવશે. નવું ડાઈ–હાઉસ ઊભું કરવાની જરૂર જણાતી ન હોય તો હાલના ડાઈ હાઉસને અપગ્રેડ કરવા માટે પણ સહાય આપવામાં આવશે.

સહિયારુ સુવિધા કેન્દ્ર / ડાઈ હાઉસ ઊભું કરવા માટે રાજય સરકાર મારફત અમલકર્તા એજન્સી એક પ્રોજેકટ રીપોર્ટ રજૂ કરશે અને તે વ્યવહારુ છે કે નહિ તેમજ નજીકના વિસ્તારમાં હાલમાં કેવી સુવિધાઓ ઉપલબ્ધ છે તે ઘ્યાનમાં લઈને નાયબ કમિશનર (હાથસાળ)ના અઘ્યક્ષપદે રચાયેલી સમિતિ તેને મંજૂરી આપશે. સહિયારુ સુવિધા કેન્દ્ર / ડાઈ હાઉસ ઊભું કરવા માટે વધુમાં વધુ કુલ રૂા.૩૦.૦૦ સુધીની લાખની સહાય પૂરી પાડવામાં આવશે. ડાઈ–હાઉસ મોટાં કલસ્ટરોમાં જ જરૂરિયાત મુજબ ઊભાં કરવામાં આવશે.

## (ક.૩.૬) પ્રચાર અને બજાર વ્યવસ્થા

પ્રોજેકટ હેન્ડલુમને ભારતમાં અને વિદેશમાં પ્રોત્સાહન આપવા અને હેન્ડલુમની વિરલ બનાવટો વિશે જાગૃતિ કેળવવા માટે, પાત્રતા ધરાવતા સંગઠનોને પ્રચાર તથા બજાર વિકાસ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. આ સહાય જાહેરાત, બ્રોશરના છાપકામ, કેટેલોગ્સ, બજાર સંશોધન, વેચનાર અને ખરીદનારાઓની બેઠકો, અન્ય કલસ્ટરોની લેવામાં આવનારી અનુભવ મુલાકાતો, જાગૃતિ કાર્યક્રમો વગેરેના ખર્ચને

આવરી લેશે. આ હેતુઓ માટેની સહાયનો બોજો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર / અમલકર્તા એજન્સી / લાભાર્થીઓ વચ્ચે ૭૫:૨૫ ની હિસ્સેદારીથી વહેચવાનો રહેશે. તે અંગેની વિગતો નીચે મુજબ છે.

૧) જાહેરાતો, બોશર તથા કેટેલોગના પ્રિન્ટીગ વગેરે અંગેના ત્રણ વર્ષ સુધીના ખર્ચ પેટે રૂા.૫૦,૦૦૦ની સહાય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર / અમલકર્તા એજન્સી / લાભાર્થીઓ વચ્ચે ૭૫ :૨૫ ના ગુણોત્તરમાં હિસ્સેથી વહેંચવાની રહેશે.

૨) ત્રણ વર્ષ સુધી ૩ પ્રદર્શનો / મેળાઓ યોજવા અને તેમાં ભાગ લેવા અંગેના ખર્ચ પેટે રૂા.૬.૦૦ લાખની સહાય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર / અમલકર્તા એજન્સી / લાભાર્થીઓ વચ્ચે ૭૫ : ૨૫ ના ગુણોત્તરમાં હિસ્સેથી વહેંચવાની રહેશે.

૩) ત્રણ વર્ષ સુધી ખરીદનારાઓ અને વેચનારાઓ વચ્ચે છ બેઠકો યોજવા અંગેના ખર્ચ પેટે રૂા.૩.૦૦ લાખની સહાય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર / અમલકર્તા એજન્સી / લાભાર્થીઓ વચ્ચે ૭૫ : ૨૫ ના ગુણોત્તરમાં હિસ્સેથી વહેંચવાની રહેશે.

૪) બજારનાં વલણો જાણવા માટે બજાર મોજણી / બજાર અંગેની બાતમી અંગેના ખર્ચ પેટે રૂા.૧.૦૦ લાખની સહાય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર / અમલકર્તા એજન્સી / લાભાર્થીઓ વચ્ચે ૭૫ : ૨૫ ના ગુણોત્તરમાં હિસ્સેથી વહેચવાની રહેશે.

૫) એક કલસ્ટરના વણકરો બીજી કલસ્ટરની મુલાકાત લઈ અનુભવ અને જાગૃતિ પ્રાપ્ત કરી શકે એ માટે વણકર દીઠ રૂા.૩૦૦૦ લેખે આગામી ત્રણ વર્ષ માટે રૂા.૩.૦૦ લાખની પૂરેપૂરી સહાય કેન્દ્ર સરકાર પૂરી પાડશે.

૬) કલસ્ટર માટેની વેબસાઈટ તૈયાર કરી તે ચલવવા માટે કેન્દ્ર સરકાર એક વખત રૂા.૦.૨૫ લાખ સુધીની સહાય પૂરી પાડશે.

પ્રચાર અને બજાર વ્યવસ્થા માટેની મહતમ સહાય પરિયોજનાના કુલ ખર્ચના ૨૦ ટકાથી વધુ નહિ હોય

## (ક.૩.૭) પરિયોજના વ્યવસ્થાપન ખર્ચ

પરિયોજના વ્યવસ્થાપન ખર્ચને પહોંચી વળવા અમલકર્તા એજન્સીને કલસ્ટર દીઠ ત્રણ વર્ષ માટે રૂા.૨.૪૦ લાખની વાર્ષિક નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. અમલકર્તા એજન્સી રાજ્ય સરકાર અથવા તેની કોઈ સંલગ્ન કચેરી હોય તો પરિયોજના વ્યવસ્થાપન ખર્ચ પેટે કલસ્ટર દીઠ વાર્ષિક રૂા.૨૫,૦૦૦ પૂરા પાડવામાં આવશે.

૩૦૦–૫૦૦ જેટલી હાથસાળો ધરાવતા કલસ્ટરો માટે નાણાકીય સહાયની હિસ્સેદારી અને જુદા જુદા ઘટકોની સમીક્ષા

| ક્રમ નં. | ઘટકો | કલસ્ટર દીઠ નાણાકીય સહાય | હિસ્સેદારી ભારત સરકાર : રાજ્ય : અમલકર્તા એજન્સી : લાભાર્થી |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૭આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ, સ્વ–સહાય જૂથની રચના | રૂા.૧.૨૫ લાખ એક વખત | ૧૦૦ ટકા ભારત સકાર |
| ૨ | કોન્સોર્ટિયમની રચના | રૂા.૫૦,૦૦૦ એક વખત | ૧૦૦ ટકા ભારત સકાર |
| ૩ | યાર્ન ડિપો માટે કોર્પ ફંડ | રૂા.૩.૦૦ લાખ એક વખત | ૧૦૦ ટકા ભારત સકાર |
| ૪ | ડિઝાઈન તૈયાર કરવી અને ઉત્પાદનમાં વૈવિધ્યીકરણ | કોમ્પ્યુટર એઈડેડ ટેક્ષટાઈલ ડિઝાઈન (સીએટીડી) સીસ્ટમ, કલર ફોરફાસ્ટ, ટ્રેન્ડ ફોરકાસ્ટ માટે રૂા.૩.૦૦ લાખ એક વખત | ૫૦ : ૫૦ |
| | | ૭૭ડિઝાઈનર રોકવા માટે રૂા.૬.૦૦ લાખ – ૩ વર્ષ માટે | ૧૦૦ ટકા ભારત સરકાર |
| ૫ | સહિયારુ સુવિધા કેન્દ્ર / ડાઈ હાઉસ (કુલ પરિયોજના ખર્ચના ૫૦ ટકાની ટોચમર્યાદામાં | રૂા.૩૦.૦૦ લાખ એક વખત | સ.સુ.કા. ૧૦ ટકા ભારત સકાર ડાઈહાઉસ–૮૦:૨૦ ભારત સરકાર અને રાજ / અ.એ. / કોન્સોર્ટિયમ |
| ૬ | પ્રચાર અને બજાર વ્યવસ્થા (કુલ પરિયોજના ખર્ચના ૩૦ ટકાની ટોચમર્યાદામાં) | રૂા.૫૦,૦૦૦ જાહેરાત બ્રોશર, કેટેલોગ માટે –૩ વર્ષના સમયગાળા માટે | ૭૫:૨૫ |
| | | –ત્રણ પ્રદર્શનો / મેળા યોજવા માટે રૂા.૩.૦૦ લાખ –ત્રણ વર્ષના સમયગાળા માટે | ૭૫:૨૫ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | | ખરીદનાર અને વેચનાર વચ્ચે છ બેઠકો યોજવા માટે રૂા.૩.૦૦ લાખ – ત્રણ વર્ષ માટે | ૭૫:૨૫ |
| | | બજાર મોજણી / બાતમી માટે રૂા.૧.૦૦ લાખ | ૭૫:૨૫ |
| | | જાગૃતિ અને અનુભવ મુલાકાતો માટે વણકર દીઠ રૂા.૩૦૦૦/– લેખે રૂા.૩.૦૦ લાખ – ત્રણ વર્ષના સમયગાળા માટે | ૧૦૦ ટકા ભારત સરકાર |
| | | વેબસાઈટ તૈયાર કરવા અને ચલાવવા માટે રૂા.૨૫,૦૦૦/– એક વખત | ૧૦૦ ટકા ભારત સરકાર |
| ૭. | ૭૭૭પરિયોજના વ્યવસ્થાપન ખર્ચ | વાર્ષિક રૂા.૨.૪૦ લાખ લેખે ત્રણ વર્ષ માટે રૂા.૭.૨૦ લાખ | ૧૦૦ ટકા ભારત સરકાર |

નોંધ : (૧) ૭જયાં રાજ્ય સરકાર અમલકર્તા એજન્સી તરીકે કામ કરતી હોય ત્યાં આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ, સ્વ–સહાય જૂથોની રચનાની કામગીરી રાજ્ય સરકાર કરશે અને તે માટે કોઈ નાણાકીય સહાય આપવામાં નહી આવે.

(૨) ૭૭કલસ્ટર માટે રોકવામાં આવનાર ટેક્ષટાઈલ ડિઝાઈનર ઓછામાં ઓછા ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. તેઓ નીફ્ટ / એનઆઈડીના સ્નાતક હોવા જોઈએ. કોઈ અન્ય સંસ્થામાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરનાર ડિઝાઈનરને કામ માટે રોકવાના હોય તો તેમની નિમણૂંક વિકાસ કમિશ્નર (હેન્ડલુમ) ની પૂર્વમંજૂરીથી કરવાની રહેશે અને તેમનો બાયોડેટા તેમની દરખાસ્તની સાથે આ કચેરીને મોકલવાનો રહેશે. શકય હોય ત્યાં સુધી ડિઝાઈનર કલસ્ટરની નજીક રહેતા હોવા જોઈએ અથવા સબંધિત રાજયમાં રહેતા હોવા જોઈએ.

(૩) ૭૭૭રાજય સરકાર અથવા તેની કોઈ સંલગ્ન કચેરી અમલકર્તા એજન્સી હોય ત્યારે પરિયોજના વ્યવસ્થાપન ખર્ચ તરીકે વાર્ષિક રૂા.૨૫,૦૦૦/–ની રકમ જ પૂરી પાડવામાં આવશે.

## (ક.૩.૮) કલસ્ટરમાં વ્યકિતગત વણકરો માટે સહાય

૩૦૦–૫૦૦ હાથસાળો ધરાવતા કલસ્ટરમાં વ્યકિતગત વણકરોને મૂળભૂત નિવેશ તથા વર્કશેડના બાંધકામ માટે સહાય પૂરી પાડવામાં આવશે. આમ છતાં, આ ઘટકો માટેની સહાય સંયુકતરીતે પૂરી પાડવામાં આવશે અને તે કલસ્ટર દીઠ મંજૂરીપાત્ર મહત્તમ પરિયોજના ખર્ચ એટલે કે રૂ.૬.૦૦ લાખના ૨૫ ટકાની મર્યાદામાં ચૂકવવામાં આવશે. આ અંગેની વિગતો નીચે મુજબ છે.

## (ક.૩.૮.૧) મૂળભૂત નિવેશ

### (ક) કાર્યકારી મૂડી માટે સિમાંત નાણાં

સ્વ–સહાય જૂથો અને સહકારી મંડળીઓમાં સંગઠિત થયેલા વણકરોને વણકર દીઠ રૂ.૬૦૦૦.૦૦ ના દરે સિમાંત નાણાં માટે સહાય પૂરી પાડવામાં આવશે. આ સહાયના ૭૦ ટકા નાણાં કેન્દ્ર સરકાર પૂરા પાડશે, ૨૦ ટકા નાણાં રાજય સરકાર પૂરા પાડશે અને બાકીના ૧૦ ટકા અમલકર્તા એજન્સી / લાભાર્થીએ ચૂકવવાના રહેશે.

### (ખ) નવી સાળો

સ્વ–સહાય જૂથો અને સહકારી મંડળીઓમાં સંગઠિત થયેલા વણકરોને વણકર દીઠ રૂ.૮૦૦૦/–ના દરે નવી સાળો માટે સહાય પૂરી પાડવામાં આવશે. આ સહાયના ૭૦ ટકા કેન્દ્ર સરકાર પૂરા પાડશે, ૨૦ ટકા રાજય સરકાર પૂરા પાડશે અને બાકીના ૧૦ ટકા અમલકર્તા એજન્સી / લાભાર્થી પૂરા પાડશે.

### (ગ) ડોબી

સ્વ–સહાય જૂથો, સહકારી મંડળીઓમાં સંગઠિત થયેલા વણકરોને ડોબી ખરીદવા માટે વણકર દીઠ રૂ.૪૦૦૦/– ના દરે સહાય પુરી પાડવામાં આવશે. આ સહાયના ૭૦ ટકા કેન્દ્ર સરકાર પૂરા પાડશે, ૨૦ ટકા રાજય સરકાર પૂરા પાડશે અને બાકીના ૧૦ ટકા અમલકર્તા એજન્સી / લાભાર્થી પૂરા પાડશે.

### (ઘ) જેકાર્ડ

સ્વ–સહાય જૂથો, સહકારી મંડળીઓમાં સંગઠિત થયેલા વણકરોને જેકાર્ડ ખરીદવા માટે વણકર દીઠ રૂ.૪૦૦૦/– ના દરે સહાય પુરી પાડવામાં આવશે.

આ સહાયના ૭૦ ટકા કેન્દ્ર સરકાર પૂરા પાડશે, ૨૦ ટકા રાજ્ય સરકાર પૂરા પાડશે અને બાકીના ૧૦ ટકા અમલકર્તા એજન્સી / લાભાર્થી પૂરા પાડશે.

### (ચ) છૂટકભાગો

સ્વ–સહાય જૂથો, સહકારી મંડળીઓમાં સંગઠિત થયેલા વણકરોને છૂટક ભાગો ખરીદવા માટે વણકર દીઠ રૂા.૪૦૦૦/– ના દરે સહાય પુરી પાડવામાં આવશે. આ સહાયના ૭૦ ટકા કેન્દ્ર સરકાર પૂરા પાડશે, ૨૦ ટકા રાજ્ય સરકાર પૂરા પાડશે અને બાકીના ૧૦ ટકા અમલકર્તા એજન્સી / લાભાર્થી પૂરા પાડશે.

**નોંધ :–**

ઉત્તર પૂર્વના રાજયો, સિકિકમ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાંચલ, છત્તિસગઢ તથા ઝારખંડ રાજયોમાં મૂળભૂત નિવેશ માટે ભારત સરકારનો હિસ્સો ૯૦ ટકા મૂળભૂત નિવેશ માટે ભારત સરકારનો હિસ્સો ૯૦ ટકા રહેશે, રાજય સરકારનો હિસ્સો ૫ ટકા અને અમલકર્તા એજન્સી / લાભાર્થીનો હિસ્સો ૫ ટકા રહેશે.

વણકરોની વાસ્તવિક જરૂરિયાતો આકાર્યા પછી જ દરખાસ્તો અંગે ભલામણો કરવામાં આવશે. એક કલસ્ટરમાં મૂળભૂત નિવેશની જરૂરિયાતો દર્શાવતો પ્રોફોર્મા જોડાણ–ક–૨માં આપવામાં આવ્યો છે.

## (ક.૩.૮.૨.) વર્કશેડનું બાંધકામ

વર્કશેડના બાંધકામ માટેની સહાય નીચે મુજબ ચુકવવામાં આવશે.

| ઘટક | એકમ દીઠ વિસ્તાર | સહાયની રકમ |
|---|---|---|
| વર્કશેડનું બાંધકામ | ૨૦ ચો.મી. | રૂા.૨૫,૦૦૦ |

કેન્દ્રીય સહાય ઉપર દર્શાવવામાં આવેલા સ્તર સુધી જ મર્યાદિત રહેશે પરંતુ રાજય સરકારો / કેન્દ્રશાસિત પ્રદેશો / અમલકર્તા એજન્સીઓ / લાભાર્થીઓ તેમની કોઈ વધારાની જરૂરિયાત હોય તો તેમના પોતાના યોગદાનથી અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવીને તે પૂરી કરી શકશે.

આ ઘટક હેઠળ, ગરીબી રેખા નીચે જીવતા વણકરોને પ્રાધાન્ય આપવામાં આવશે. આવાસનોનાં બાંધકામ માટે વણકરો ગ્રામીણ વિકાસ વિભાગની ઈન્દિરા આવાસ યોજના હેઠળ સહાય મેળવી શકે છે. જયારે વર્કશેડ બાંધવા માટેની સહાય તેઓ આ યોજના હેઠળ મેળવી શકે છે. ગરીબી રેખા નીચે જીવતા વણકરોને શકય હોય એટલા પ્રમાણમાં આવરી લેવામાં આવે તે પછી

જ બીજા વણકરોને ધ્યાનમાં લેવામાં આવશે. ગરીબી રેખા નીચે જીવતા વણકરોના કિસ્સામાં રૂા.૨૫,૦૦૦/– ની સમગ્ર સહાય કેન્દ્ર સરકાર ચૂકવશે જયારે અન્ય વણકરોના કિસ્સામાં કેન્દ્ર સરકાર ૭૫ ટકા સહાય એટલે કે રૂા.૧૮૭૫૦ ચૂકવશે અને બાકીની સહાયનું ખર્ચ રાજય સરકાર / લાભાર્થીએ ભોગવવાનું રહેશે સંબંધિત જમીનનો માલિકી હક વણકરના નામે હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવું અનિવાર્ય બનશે.

## (ક.૩.૮.૩) કૌશલની કક્ષા ઊંચી લઈ જવી

વણકરો / કારીગરો બજારના બદલાતાં વલણોને અનુરૂપ હાથસાળની વધુસારી ગુણવત્તાવાળી વૈવિધ્યપૂર્ણ ચીજવસ્તુઓ બનાવતા થાય તે માટે તેમને તાલીમ અને પુનઃ તાલીમ આપવી આવશ્કય છે. આ યોજના હેઠળ હાથસાળ સેકટરમાં કામ કરતા વણકરો / કારીગરોની ટેકનિકલ અને વ્યવસ્થાપકીય કક્ષા ઊંચી લઈ જવા માટે એક સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવશે. નીચે દર્શાવેલી બાબતો માટે ૨૦ તાલીમાર્થીઓની બેચ દીઠ ૧૦૦ ટકા કેન્દ્રિય અનુદાન આપવામાં આવશે.

(ક) વણાટ – બેચ દીઠ રૂા.૩,૦૦,૦૦૦/–

(ખ) ડાઈંગ – બેચ દીઠ રૂા.૧,૦૦,૦૦૦/–

(ગ) ડિઝાઈન – બેચ દીઠ રૂા.૫૦,૦૦૦/–

(ઘ) વ્યવસ્થાપકીય કાર્યશાળા – બેચ (૫૦ તાલીમાર્થીઓ) દીઠ રૂા.૨૫,૦૦૦/–સ્વસહાય જૂથો / પ્રાથમિક વણકર સહકારી મંડળીઓ / કોન્સોર્ટિયમના વ્યવસ્થાપન સાથે જોડાયેલા કર્મચારીઓની તાલીમ માટે

કૌશલની કક્ષા ઊંચી લઈ જવા સબંધી માર્ગદર્શક સૂચનાઓ આ સાથે જે જોડવામાં આવી છે. કૌશલની કક્ષા ઊંચી લઈ જવા માટેની સહાય, પરિયોજનાના કુલ ખર્ચના ૧૫ ટકાથી વધુ નહી હોય. કલસ્ટરમાં વણકરો / કારીગરોના કૌશલની કક્ષા ઊંચી લઈ જવાની કામગીરી અમલકર્તા એજન્સી મારફત હાથ ધરવામાં આવશે.

# વ્યકિતગત વણકરો માટેના ઘટકો તથા ૩૦૦–૫૦૦ જેટલી હાથસાળો ધરાવતા કલસ્ટરો માટે નાણાકીય સહાયમાં હિસ્સેદારી અંગેની વિગતોનો સારાંશ

| ક્રમ નં. | ઘટક | વણકર દીઠ નાણાકીય સહાય | હિસ્સેદારી |
|---|---|---|---|
| (ક) | મૂળભૂત નિવેશ | સિમાંત નાણાં પેટે રૂા.૬૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | નવી સાળો માટે રૂા.૮૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | ડોબીની ખરીદી માટે રૂા.૪૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | જેકાર્ડની ખરીદી માટે રૂા.૬૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | છૂટક ભાગોની ખરીદી માટે રૂા.૨૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| (ખ) | વર્કશેડનું બાંધકામ | ૨૦ ચો.મી.ના એક વર્કશેડના બાંધકામ માટે ભારત સરકાર ગરીબી હેઠળ જીવતા વણકરને રૂા.૨૫૦૦૦/– ની સહાય પૂરી પાડશે. અન્ય વણકરોના કિસ્સામાં ભારત સરકાર માત્ર ૭૫ ટકા સહાય એટલે કે રૂા.૧૮૭૫૦/– પૂરા પાડશે. | બાકીની સહાયનું ખર્ચ રાજ્ય સરકાર / લાભાર્થીને ભોગગવાનું રહેશે. |
| (ગ) | કૌશલની ગુણવત્તા ઊંચી લઈ જવી (પરિયોજનાના કુલ ખર્ચના ૧૫ ટકાની ટોચમર્યાદામાં) | ૨૦ તાલીમાર્થીઓની બેચ માટેની જોગવાઈ નીચે મુજબ રહેશે. વણાટ માટે રૂા.૩.૦૦, લાખ ડાઈંગ માટે રૂા.૧.૦૦ લાખ, ડિઝાઈનીગ માટે ૦.૫૦ લાખ વ્યવસ્થાપકીય તાલીમ માટે ૫૦ તાલીમાર્થીઓની અકે બેચ દીઠ રૂા.૦.૨૫ લાખની સહાય એક વખત ચૂકવવામાં આવશે. | ૧૦૦ ટકા ભારત સરકાર |

**નોંધો** : ઉપર (ક) અને (ખ) સામેના ઘટકોમાં દર્શાવવામાં આવેલી સહાય અમલકર્તા એજન્સીઓને રાજય સરકાર મારફત આપવામાં આવશે.

## (ક.૪) સહાયનું પ્રમાણ

સહાયનું પ્રમાણ જરૂરિયાત પ્રમાણેનું રહેશે, એટલે કે કલસ્ટરની જરૂરિયાત, કલસ્ટર વિકાસ પરિયોજનામાં વિચારવામાં આવેલી પ્રવૃત્તિઓના વ્યાપ, કલસ્ટરની ટેકનિકલ, નાણાકીય અને વ્યવસ્થાકીય ક્ષમતા, પરિપકવતાનું સ્તર અને ભૂતકાળના રેકર્ડના આધારે સહાયનું પ્રમાણ નકકી કરવામાં આવશે. દરેક કલસ્ટર માટે મંજૂરીપાત્ર મહત્તમ પરિયોજના ખર્ચ ૩ વર્ષના સમયગાળા માટે કલસ્ટર દીઠ રૂા.૬.૦૦ લાખની મર્યાદાથી વધવું જોઈએ નહિ. (વ્યકિતગત વણકરોને આપવાની સહાય સહિત) અને તેમાં કેન્દ્ર અને રાજય તેમજ અમલકર્તા એજન્સીઓ / લાભાર્થીઓના હિસ્સાનો સમાવેશ થઈ જાય છે.

## (ક.૫) રાજય સ્તરની પરિયોજના સમિતિ

રાજય સ્તરની પરિયોજના સમિતિ રાજયના હાથસાળ અને ટેક્ષટાઈલ કમિશનર / નિયામકના અઘ્યક્ષપદ હેઠળ રચવામાં આવશે અને તેમાં હાથસાળ ક્ષેત્રમાં કામ કરતા પ્રતિષ્ઠિત બિન સરકારી સંગઠનો હાથસાળ સંગઠન (વણકરોની ટોચની સહકારી મંડળી અથવા રાજય હાથસાળ નિગમ), અગ્રગણ્ય નિકાસકારો, હવાલો ધરાવતા અધિકારી, વણકરોના સંબંધિત સેવા કેન્દ્રો તથા સ્વ–સહાય જૂથોમાંથી પસંદ કરવામાં આવેલા પ્રતિનિધિઓનો સમાવેશ થશે. રાજય સ્તરની પરિયોજના સમિતિ પરિયોજના માટેના દરખાસ્તોની ચકાસણી કરવાની, કાર્યયોજનાને સ્વીકૃતિ આપવાની અને તેના પર દેખરેખ રાખી તેનું મૂલ્યાંકન કરવાની જવાબદારી ધરાવશે અને તે અમલકર્તા એજન્સીનાં નામની પણ ભલામણ કરશે.

## (ક.૬) અમલકર્તા એજન્સી

રાજય સરકારો / સંઘપ્રદેશો અમલકર્તા એજન્સીઓ એટલે કે હાથસાળ નિયામકની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓ, રાજય હાથસાળ નિગમો જેવી રાજય સરકારની કચેરીઓ, ટોચની સહકારી મંડળીઓ, બિન સરકારી સંગઠનો ( રાજય સરકારો દ્વારા ભલામણ કરવામાં આવેલ અને હાથસાળના વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા મંજૂર કરવામાં આવેલ) પાસેથી પરિયોજનાઓ માટેની દરખાસ્તો મેળવશે. રાજયની હાથસાળ અને ટેક્ષટાઈલ્સ નિયામકની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓ, રાજય હાથસાળ નિગમ, ટોચની સહકારી મંડળીઓ, સંગઠનો અને રાજય

સરકાર દ્વારા ભલામણ કરવામાં આવેલ તથા આ કચેરી દ્વારા મંજૂર કરવામાં આવેલાં બિન સરકારી સંગઠનો, રાષ્ટ્રીય સ્તરના હાથસાળ સંગઠનો અને કેન્દ્ર સરકારનાં સંગઠનો અમલકર્તા એજન્સીઓની ભૂમિકા ભજવશે. બિન સરકારી સંગઠનોની કક્ષા નકકી કરવા માટેની ફોર્મેટ જોડાણ–ક.૪માં આપવામાં આવી છે. કુલ ૧૦૦માંથી ઓછામાં ઓછા ૬૦ ગુણ પ્રાપ્ત કરનાર બિન સરકારી સંગઠનોને જ ધ્યાનમાં લેવામાં આવશે. અમલકર્તા એજન્સીઓની ભૂમિકા નીચે મુજબ રહેશે.

(૧) કલસ્ટર ડેવલપમેન્ટ એકઝીકયુટીવ (સીડીઈ)ની પરખ કરવી.

(૨) સીડીઈના તાલીમ માટે રાજય સરકાર / રાજય સ્તરની પરિયોજના સમિતિ સાથે વાતચીત કરવી.

(૩) આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવો.

(૪) સીડીઈ દ્વારા હાથ ધરવામાં આવેલા નિદાનાત્મક અભ્યાસના આધારે પ્રોજેકટ તૈયાર કરવો અને તેમાં અન્ય બાબતોની સાથે સાથે વાર્ષિક કાર્યયોજના નિર્દિષ્ટ કરવી અને તેમાં કલસ્ટરની જરૂરિયાતો, પ્રવૃત્તિઓ અને અપેક્ષિત ઉત્પાદન, પરિણામો / સંભાવનાઓ સ્પષ્ટરીતે દર્શાવી તેની દરખાસ્ત રાજય સ્તરીય પરિયોજના સમિતિને મંજૂરી માટે રજૂ કરવી.

(૫) સમયમર્યાદાની અંદર ઉપર જણાવેલા પ્રોજેકટને અમલમાં મૂકવો.

(૬) સમયાંતરે ભૌતિક અને નાણાકીય પ્રગતિનો અહેવાલ તેમજ પ્રોજેકટ પૂરો થયો હોવા અંગેનો અહેવાલ રાજય સરકારને રજૂ કરવો.

## ક.૭ કલસ્ટર વિકાસ પ્રોજેકટનો સમયગાળો

કલસ્ટર પરિયોજના પૂરી કરવાનો સમયગાળો ૩ વર્ષનો છે.

## (ક.૮) દરખાસ્તો રજૂ કરવી અને નાણાકીય સહાય છૂટી કરવી

## (ક.૮.૧) આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ માટેની પ્રારંભિક દરખાસ્ત

દરેક કલસ્ટરનો વિકાસ રાજય સરકારો દ્વારા અથવા તેમની અમલકર્તા એજન્સીઓ દ્વારા એક કેન્દ્ર પુરસ્કૃત યોજનારૂપે પરિયોજના પ્રકારે હાથ ધરવામાં આવશે. રાજય સરકાર કલસ્ટર (રો)ની આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવા માટે (ફકરા ક.૨.૨ માં

આપેલી વિગતો મુજબ) અમલકર્તા એજન્સીઓ પાસેથી દરખાસ્તો મંગાવશે (ફકરા ક–૬ અન્વયે) જેની ચકાસણી અને ભલામણ રાજ્ય સ્તરીય પરિયોજના સમિતિ કરશે. હાથસાળ માટેના વિકાસ કમિશ્નર, હાથસાળના કલસ્ટરોને પારખવા માટે આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવા માટે ૫૦ ટકા રકમ મંજુર કરશે. બાકીની ૫૦ ટકા રકમ અમલકર્તા એજન્સી દ્વારા આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ તેમજ રાજ્ય સ્તરીય પરિયોજના સમિતિ દ્વારા ભલામણ કરાયેલ કાર્યયોજના (હવે પછી અહી જેનો ઉલ્લેખ "પ્રોજેકટ રિપોર્ટ" તરીકે કરવામાં આવ્યો છે), આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ પેટે કરવામાં આવેલી રકમ અંગેનું વપરાશ પ્રમાણપત્ર, ઓડિટ કરવામાં આવેલા હિસાબો વગેરે રજૂ કરવામાં આવ્યેથી રાજ્ય સરકાર મારફત પૂરી પાડવામાં આવશે. જેના સંદર્ભમાં આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ અમલકર્તા એજન્સીએ પૂરાં કરી લીધાં હોય એવી પરિયોજના દરખાસ્તો પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

## (ક.૮.૨) કલસ્ટર વિકાસ અંગેનો પ્રોજેકટ રીપોર્ટ અને કાર્યયોજના રજૂ કરવા અને સહાય છૂટી કરવા બાબત :

નિર્દિષ્ટ પ્રોફોર્મામાં (જોડાણ ક–૩) રજૂ કરવાના પ્રોજેકટ રિપોર્ટમાં આધારરૂપ મોજણી, નિદાનાત્મક અભ્યાસ અને પ્રથમ વર્ષની નકકર કાર્યયોજના તથા બીજા અને ત્રીજા વર્ષની કામચલાઉ કાર્યયોજનાનો સમાવેશ થશે. રાજ્ય સ્તરની પરિયોજના સમિતિ આ પ્રોજેકટ રિપોર્ટની ચકાસણી અને ખરાઈ કરશે અને કલસ્ટરમાં વણકરોના સામાજિક–આર્થિક વિકાસ માટે જે દરખાસ્ત નાભાઉક્ષમ લાગે તેની જ તેઓ ભલામણ કરશે. રાજ્ય સરકાર આવી દરખાસ્તોને મંજૂરી અર્થે હાથસાળ વિકાસ કમિશનરને મોકલી આપશે. તેઓ દરખાસ્તની ચકાસણી કરીને તેને મંજૂરી આપે તે પછી કલસ્ટર વિકાસ કાર્યક્રમ માટે અમલકર્તા એજન્સીને ત્રણ હપતામાં નાણાકય સહાય છૂટી કરવામાં આવશે. પ્રથમ હપતો ૩૦ ટકા સુધીની રકમનો, બીજો હપતો ૪૦ ટકા સુધીની રકમનો અને ત્રીજો હપતો બાકીની રકમનો રહેશે. અમલકર્તા એજન્સી કાર્યયોજના મુજબ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે વપરાશ પ્રમાણપત્રો, ઓડિટ થયેલા હિસાબો, ભૌતિક પ્રગતિના હિસાબો વગેરે રજૂ કરે એ પછી રાજ્ય સરકાર મારફત તેને કેન્દ્રીય સહાય ચૂકવવામાં આવશે. અમલકર્તા એજન્સી સંબંધિત સામાન્ય નાણાકીય નિયમો મુજબ રેકર્ડ જાળવશે. રાજ્ય સરકારો આધારરૂપ મોજણી અને નિદાનાત્મક અભ્યાસ તથા કલસ્ટર વિકાસ માટેની કાર્યયોજના સહિતનો વિસ્તૃત પ્રોજેકટ રીપોર્ટ પણ મોકલી શકે છે. આવા કેસમાં આધારરૂપ મોજણી અને નિદાનાત્મક

અભ્યાસને તેમજ સૂચિત કાર્યયોજનાનું ૩૦ ટકા ખર્ચ હાથસાળ વિકાસ કમિશનરની કચેરી દ્વારા પ્રથમ હપતા તરીકે છૂટું કરી શકશે.

**ભાગ–ખ**

## (ખ) હાથસાળના વિકાસ માટે જૂથ અભિગમ

કલસ્ટર દ્વારા જેમને આવરી લેવામાં ન આવ્યા હોય એવા હાથસાળ વણકરોને "જૂથ અભિગમ" દ્વારા લાભ પ્રાપ્ત થશે. આ જૂથ અભિગમ ભૌગોલિક દષ્ટિએ પાસપાસે આવેલા વિસ્તારો એટલેકે ગ્રામીણ વિસ્તારોમાં ઉત્પાદનસંબંધી એક સમાન લાક્ષણિકતાઓ ધરાવતા મહેસૂલી ગામો, તાલુકાઓ તેમજ શહેરી વિસ્તારોના વોર્ડમાં રહેતા હાથસાળ વણકરોના વિકાસ માટે પરિયોજના પ્રકારે અમલમાં મૂકવામાં આવશે. એક જૂથમાં ૧૦ કે વધુ વણકરો હોય એ યોગ્ય ગણાય, તેઓ સ્વ–સહાય જૂથ / પ્રાથમિક વણકર સહકારી મંડળી /અન્ય સ્વતંત્ર વ્યકિતગત વણકરોના સ્વરૂપે હોઈ શકે છે. સંબંધિત રાજયના નિયામક (હાથસાળ) વણકરોની આધારરૂપ મોજણી કરાવશે અને તે દ્વારા વણકરોને સહાયની જરૂરિયાત કેટલી છે અને તે સહાયથી કયા પ્રકારના સામાજિક–આર્થિક લાભો પ્રાપ્ત થશે તે નકકી કરશે. આ મોજણીના આધારે એક પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે અને તેને ઘ્યાનમાં લઈને આ જૂથોને નાણાકીય સહાય આપવા અંગે રાજયસ્તરીય પરિયોજના સમિતિ દ્વારા યોગ્ય ચકાસણી કરવામાં આવ્યા બાદ નભાઉક્ષમ ઘટકો માટે સહાય છૂટી કરવામાં આવશે. વણકરોના આવા જૂથોને નીચે દર્શાવલા ઘટકો માટે સહાય આપવામાંા આવશે.

### (૧) મૂળભૂત નિવેશ :

મૂળભૂત નિવેશ એટલેકે નવી સાળો, ડોબી, જેકાર્ડ અને છૂટક ભાગોની ખરીદી માટે વ્યકિતગત વણકરોને સહાય પૂરી પાડવામાં આવશે. જેમણે બેંકો સાથે પોતાના પ્રયત્નોથી અથવા પ્રાથમિક હાથસાળ વણકર સહકારી મંડળઓ, સ્વ–સહાય જૂથો અથવા માસ્ટર વણકરો મારફત ધિરાણ માટે સંપર્કો કેળવ્યા હોય તેવા વણકરોને સિમાંત નાણાં પેટે સહાય આપવામાં આવશે.

### (૨) વણાટકામ, ડાઈંગ, ડિઝાઈનીંગ અને વ્યવસ્થાયકીય બાબતોમાં તાલીમ :

પ્રાથમિક વણકર સહકારી મંડળીઓ / કોન્સોર્ટીઆ /સ્વ–સહાય જૂથો / માસ્ટર વણકરો હેઠળના હાથસાળ વણકરો / કામદારો માટે આ પ્રકારની તાલીમ સંબંધિત વણકર સેવા કેન્દ્રો દ્વારા આયોજિત કરવામાં આવશે. કૈશલ સુધારણા માટેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે જોડવામાં

આવી છે. આ ઘટક માટની નાણાકીય સહાય સંબંધિત વણકર સેવા કેન્દ્રને સીધી જ આપવામાં આવશે.

## (૩) વર્કશેડનું બાંધકામ :

આ માટેની નાણાકીય સહાય એવા વણકરોને આપવામાં આવશે જેમની પાસે કામ કરવા માટે પોતાની જગ્યા  નથી અને તેઓ અન્ય સ્થળે માસ્ટર વણકર / મંડળીની સાળો  પર કામ કરે છે. આ ઘટક માટેની સહાય જેમાં ૧૦ વણકરોનો સમાવેશ થતો હોય એવા સ્વ–સહાય જૂથ / સહકારી મંડળીને અને રાજયમાં હાથસાળ અને ટેક્ષટાઈલ નિયામકની કચેરી દ્વારા સ્પોન્સર કરવામાં આવેલા વ્યકિતગત વણકરોના જૂથને આપવામ્રાં આવશે વર્કશેડના બાંધકામ માટેની સહાય નીચે મુજબ આપવામાં આવશે.

| ઘટક | એકમ દીઠ વિસ્તાર | સહાયની રકમ |
|---|---|---|
| વર્કશેડનું બાંધકામ | ૨૦ ચો.મીટર | રૂા.૨૫,૦૦૦/– |

કેન્દ્રિય સહાય ઉપર દર્શાવવામાં આવેલા સ્તર સુધી મર્યાદિત રહેશે. રાજય સરકારો / સંઘપ્રદેશો / અમલકર્તા એજન્સીઓ /લાભાર્થીઓએ વધારાના ખર્ચને પહોંચી વળવા પોતાના તરફથી યોગદાન આપવાનું રહેશે અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી તે માટે લોન મેળવવાની રહેશે. આ ઘટક હેઠળ, ગરીબી રેખા નીચે જીવતા વણકરોને અગ્રતા આપવાની રહેશે. આવાસોના બાંધકામ માટે વણકરો ગ્રામીણ વિકાસ મંત્રાલયની ઈન્દિરા આવાસ યોજના હેઠળ સહાય મેળવી શકશે જયારે વર્કશેડ માટેની સહાય તેઓ આ યોજના હેઠળ મેળવી શકશે. ગરીબી રેખા નીચે જીવતા વણકરોને શકય હોય એટલા પ્રમાણમાં આવરી લેવામાં આવે તે પછી જ અન્ય વણકરોને ધ્યાનમાં લેવામાં આવશે. ગરીબી રેખા હેઠળના વણકરો માટેની રૂા.૨૫૦૦૦ની સમગ્ર સહાય કેન્દ્ર સરકાર પૂરી પાડશે, જયારે અન્ય વણકરો માટે કેન્દ્ર સરકાર ૭૫ ટકા સહાય એટલે કે રૂા.૧૮૭૫૦ની રકમ પૂરી પાડશે અને બાકીની રકમનું ખર્ચ રાજય સરકાર / લાભાર્થીએ ભોગવવાનું રહેશે.

## (૪) બેકવર્ડ લિન્કેજ :

રાષ્ટ્રીય હાથસાળ વિકાસ નિગમ યાર્ન, ડાઈઝ, અને કેમિકલોનો પુરવઠો પસંદ કરાયેલા જૂથોને પૂરો પાડવા માટે બેકવર્ડ લિન્કેજ પૂરી પાડશે.

## (૫) ફોરવર્ડ લિન્કેજ :

હાથસાળ જૂથો પાસેથી માલ લઈને તેના વેચાણ માટે એટલે કે ફોરવર્ડ લીન્કેજ માટે જિલ્લા સ્તરે જુદા જુદા પ્રસંગોએ હાટ, રાષ્ટ્રીય પ્રદર્શનો, (નેશનલ એકસ્પો) વિશિષ્ટ પ્રદર્શનો તેમજ કામગીરીસંબંધી મેળા(ક્રાફટ મેળ) વગેરેનું આયોજન બજાર વ્યવસ્થા અને નિકાસ પ્રોત્સાહન યોજના (માર્કેટીંગ અન્ડ એકસ્પોર્ટ પ્રમોશન સ્કીમ) હેઠળ કરવામાં આવશે.

(૬) ડિઝાઈનસંબંધી સહાય વણકર સેવા કેન્દ્રો દ્વારા પૂરી પાડવામાં આવશે.

## (ખ–૧) જુદા જુદા ઘટકો માટે સહાય નીચે મુજબની હિસ્સેદારીથી પૂરી પાડવામાં આવશે.

| ક્રમ નં. | ઘટક | વણકર દીઠ નાણાકીય સહાય | હિસ્સેદારી |
|---|---|---|---|
| (૧) | મૂળભૂત નિવેશ | સિમાંત નાણાં પેટે રૂા.૬૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | નવી સાળો માટે રૂા.૮૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | ડોબીની ખરીદી માટે રૂા.૪૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | જેકાર્ડની ખરીદી માટે રૂા.૬૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| | | છૂટક ભાગોની ખરીદી માટે રૂા.૨૦૦૦/– એક વખત | ૭૦ :૨૦ :૧૦ |
| (૨) | કૌશલની ગુણવત્તા ઊંચી લઈ જવી (પરિયોજનાના કુલ ખર્ચના ૧૫ ટકાની ટોચમર્યાદામાં) | ૨૦ તાલીમાર્થીઓની બેચ માટેની જોગવાઈ નીચે મુજબ રહેશે. વણાટ માટે રૂા.૩.૦૦, લાખ ડાઈંગ માટે રૂા.૧.૦૦ લાખ, ડિઝાઈનીંગ માટે ૦.૫૦ લાખ વ્યવસ્થાપકીય તાલીમ માટે ૫૦ તાલીમાર્થીઓની અકે બેચ દીઠ રૂા.૦.૨૫ લાખની સહાય એક વખત ચૂકવવામાં આવશે. | ૧૦૦ ટકા ભારત સરકાર |
| (૩) | વર્કશેડનું બાંધકામ | ૨૦ ચો.મી.ના એક વર્કશેડના બાંધકામ માટે ભારત સરકાર ગરીબી હેઠળ જીવતા વણકરને રૂા.૨૫૦૦૦/– ની સહાય પૂરી પાડશે. અન્ય વણકરોના કિસ્સામાં ભારત સરકાર માત્ર ૭૫ ટકા સહાય એટલે કે રૂા.૧૮૭૫૦/– પૂરા પાડશે. | બાકીની સહાયનું ખર્ચ રાજય સરકાર / લાભાર્થીને ભોગગવાનું રહેશે. |

જમીનનો માલિકી હક વણકરના નામે છે એ મુજબનું પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે.

**નોંધ :**

(૧) તમામ વણકરોને તેમની જરૂરિયાત મુજબની સહાય પ્રાપ્ત થાય એ સુનિશ્ચિત કરવા પ્રયત્નો કરવા.

(૨) ઉપર ક્રમ નં. ૧ થી ૩માં દર્શાવવામાં આવેલા ઘટકો માટેની સહાય અમલકર્તા એજન્સીને સંબંધિત રાજય સરકાર મારફત ચૂકવવામાં આવશે જયારે ક્રમ નં. ૨ સામે દર્શાવવામાં આવેલા ઘટકો માટેની સહાય સંબંધિત વણકર સેવા કેન્દ્રને સીધી જ ચુકવવામાં આવશે.

(૩) ઉત્તરપૂર્વનાં રાજયો, સિક્કિમ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલપ્રદેશ, ઉત્તરાંચલ, છત્તિસગઢ તથા ઝારખંડ રાજયોમાં મૂળભૂત નિવેશ માટે ભારત સરકારનો હિસ્સો ૯૦ ટકા રહેશે, રાજય સરકારનો હિસ્સો ૫ ટકા અને અમલકર્તા એજન્સી / લાભાર્થીનો હિસ્સો ૫ ટકા રહેશે.

## (ખ–૨) જૂથ અભિગમ માટેની અમલકર્તા એજન્સી

સંબંધિત રાજયના મદદનીશ નિયામકો જોડાણ–ખ–૧ મુજબ જૂથ વિસ્તારની આધારરૂપ મોજણી કરાવશે. આ મોજણીના આધારે આ જૂથોમાં વણકરો માટે જરૂરી નાણાકીય સહાયની વિગતો સાથેનો એક ટૂંકો પ્રોજેક્ટ રીપોર્ટ તેઓ પ્રોફોર્મા ખ–૧ અને ખ–૨ મુજબ, જોડાણો ખ–૨ (૧), ખ–૨ (૨) અને ખ–૨ (૩) સાથે તૈયાર કરશે. આ પ્રોજેક્ટ રીપોર્ટ અને જોડાણો રાજય સ્તરીય પરિયોજના સમિતિ સમક્ષ ચકાસણી અર્થે અને હાથસાળના વિકાસ કમિશ્નરની કચેરીને ભલામણ કરવાના હેતુથી રજૂ કરવામાં આવશે.

## (ખ–૩) જૂથ પરિયોજના દરખાસ્તો મંજૂર કરવી અને ભંડોળ છૂટું કરવું

પરિયોજના મંજૂર થયા બાદ ભારત સરકારનો ૭૫ ટકા હિસ્સો રાજય સરકાર મારફત અમલકર્તા એજન્સીને પેશગીરૂપે છૂટો કરવામાં આવશે અને બાકીનો ૨૫ ટકા હિસ્સો, કેન્દ્ર સરકારે આપેલા હિસ્સાનો તેમજ તેના સામાસમાન હિસ્સા પેટે રાજય સરકાર / અમલકર્તા એજન્સી / લાભાર્થી (જયાં લાગુ પડતું હોય ત્યાં) દ્વારા આપવામાં આવેલ હિસ્સાનો પૂરોપૂરો ઉપયોગ થયો હોવા અંગેનું પ્રમાણપત્ર, ઓડિટ થયેલા હિસાબો, ભૌતિક અને નાણાકીય પ્રગતિનો અહેવાલ વગેરે રજૂ કરવામાં આવ્યેથી છૂટો કરવામાંઆવશે. હાથસાળના સંબંધિત મદદનીશ નિયામક પરિયોજના પૂરી થયા બાદ પ્રગતિ અને મૂલ્યાંકન અહેવાલ રાજય સરકાર મારફત

હાથસાળ વિકાસ કમિશ્નરની કચેરી, નવી દિલ્હીને રજૂ કરશે. આમ છતાં, કૌશલ સુધારણાના સંદર્ભમાં સ્ટાઈપેન્ડ, માનદવેતન, અન્ય વહીવટ અને પ્રકીર્ણ ખર્ચ તથા વ્યવસ્થાપકીય તાલીમ અંગેની ચૂકવણી પેટે ૧૦૦ ટકા પેશગી ચૂકવવામાં આવશે અને યાર્ન, સાળોની ખરીદી, સાળો ગોઠવવી, વીજળી અને પાણી ખર્ચ, સાધનપેટી વગેરેની સહાય પેટે ૭૫ ટકા પેશગી છૂટી કરવામાંઆવશે અને બાકીના ૨૫ ટકા વપરાશ પ્રમાણપત્ર, ઈમ્પેકટ રિપોર્ટ વગેરે રજૂ કરવામાં આવ્યા બાદ ચૂકવવામાં આવશે.

નોધ : જૂથ અભિગમ એટલે કલસ્ટર બહારના વણકરોને સહાય માટેની દરખાસ્ત. હાથસાળ વિકાસ કમિશનરની કચેરીને પ્રોફોર્મા ખ–૧ અને ખ–૨માં જોડાણો ખ–૨ (૧), ખ–૨ (૨) અને ખ–૨ (૩) સાથે મોકલવી અને સાથે સંબંધિત દરખાસ્તની ભલામણ કરતી રાજય સ્તરીય પરિયોજના સમિતિની કાર્યવાહી નોંધની નકલ પણ જોડવી.

**ભાગ–ગ**

## (ગ) હાથસાળ સંગઠનોને નાણાકીય સહાય

## (ગ–૧) બજારસંબંધી પ્રોત્સાહનો

હાથસાળ એજન્સીઓને હાથસાળની બનાવટો માટે અનુકૂળ બજાર વ્યવસ્થા ઊભી કરવા માટે બજારસંબંધી પ્રોત્સાહનો આપવામાં આવે છે. આ પ્રોત્સાહનો મુખ્યત્વે સ્પર્ધાત્મક ભાવોના સંદર્ભમાં આપવામાં આવશે જેથી એક તરફ તેઓ ભાવોમાં ઘટાડો કરી શકે અને બીજી તરફ આધાર માળખાકીય સુવિધાઓમાં રોકાણ કરીને ઉત્પાદન તથા ઉત્પાદકતામાં વધારો કરી શકે. એજન્સીએ આ રકમ એવી પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવી જેનાથી ગ્રાહકોને આકર્ષી શકાય અને હાથસાળના એકંદર વેચાણમાં વધારો કરી શકાય. બજારસંબંધી પ્રોત્સાહનો પેટેની સહાય રાજય હાથસાળ નિગમ, ટોચની સહકારી મંડળીઓ, પ્રાથમિક હાથસાળ વણકર સહકારી મંડળીઓ અને રાષ્ટ્રીય હાથસાળ સંગઠનોને મળવાપાત્ર બનશે. આપવામાં આવનારી સહાય નીચે મુજબ રહેશે.

| ઘટક | વણકરદીઠ નાણાકીય સહાય (રૂા.લાખમાં) | ભારત સરકાર : રાજય સરકાર વચ્ચેની હિસ્સેદારી |
|---|---|---|
| બજારસંબંધી પ્રોત્સાહન રાજય હાથસાળ નિગમ, ટોચની સહકારી મંડળીઓ, પ્રાથમિક હાથસાળ વણકર સહકારી મંડળીઓ અને રાષ્ટ્રીય હાથસાળ સહકારી મંડળીઓ | છેલ્લાં ૩ વર્ષોના સરેરાશ વેચાણ ટર્ન ઓવરના ૧૦ ટકા | ૫૦ : ૫૦ રાષ્ટ્રીય સ્તરની હાથસાળ સંસ્થાઓ / એજન્સીઓ સિવાય, તેમને સમગ્ર સહાય ભારત સરકાર પૂરી પાડશે. |

બજારસંબંધી પ્રોત્સાહનો અંગેના હકદાવા, તે મેળવવાપાત્ર બનતી હાથસાળ સંસ્થાઓએ રાજય સરકારને જોડાણ–ગ–૧માં નિર્દિષ્ટ કરવામાં આવેલા પ્રોફોર્મામાં રજૂ કરવા. રાજય સરકારે વ્યકિતગત હકદાવા આ કચેરીને એકત્રિત પત્રકમાં, જોડાણ–ગમાં જણાવેલા જરૂરી પ્રમાણપત્ર સાથે મોકલી આપવા. બજારસંબંધી પ્રોત્સાહનો માટેની સહાય રાજય હાથસાળ સંસ્થાઓને સંબંધિત રાજય સરકાર દ્વારા અમલકર્તા એજન્સીના માધ્યમથી ચૂકવવામાં આવશે. જયારે રાષ્ટ્રીય સ્તરની હાથસાળ સંસ્થાઓને આ સહાય સીધી જ ચૂકવવામાં આવશે.

**નોંધ :** પ્રાથમિક વણકર સહકારી મંડળીઓ / સ્વસહાય જૂથોને બજારસંઘી પ્રોત્સાહન પેટે આપવાની થતી સહાય નકકી કરવા માટે તેમના વાર્ષિક વેચાણ ટર્ન ઓવરની ગણતરી કરતી વખતે તેમના દ્વારા ટોચની વણકર સહકારી મંડળીઓ / ફેડરેશનો / નિગમોને કરવામાં આવેલા વેચાણની રકમનો સમાવેશ કરવો નહિ. બીજા શબ્દોમાં, પ્રાથમિક સહકારી મંડળીઓ દ્વારા ટોચની સહકારી મંડળીઓ / ફેડરેશનોને કરવામાં આવેલા વેચાણ પર બજારસંબંધી પ્રોત્સાહનો મળવાપાત્ર બનશે નહિ કારણકે ટોચની સહકારી મંડળીઓ / ફેડરેશનનો પ્રાથમિક સહકારી મંડળીઓ પાસેથી ખરીદી કર્યા બાદ પોતે કરેલા વેચાણ અંગે બજારસંબંધી પ્રોત્સાહનો પેટે અલગથી સહાય માટે હકદાવો કરે છે.

(૨) બજારસંબંધી પ્રોત્સાહનો માટે મળવાપાત્ર સહાય નકકી કરવા માટે, વાર્ષિક વેચાણ ટર્નઓવરની ગણતરી કરતી વખતે કોઈપણ હાથસાળ એજન્સીને સરકારી વિભાગો / એજન્સીઓને કરેલા કોઈપણ વેચાણનો સમાવેશ કરવો નહિ.

(૩) બજારસંબંધી પ્રોત્સાહનો પેટે મળવાપાત્ર સહાય નકકી કરવા માટે વાર્ષિક વેચાણ ટર્નઓવરની ગણતરી કરતી વખતે, એક હાથસાળ એજન્સીએ બીજી હાથસાળ એજન્સીને કરેલા કોઈપણ વેચાણને સમાવેશ કરવો નહિ.

(૪) બજાર સંબંધી પ્રોત્સાહનો પેટે મળવાપાત્ર સહાય નકકી કરવા માટે વાર્ષિક વેચાણ ટર્નઓવરની ગણતરી કરતી વખતે હાથસાળ એજન્સીઓ દ્વારા વિનિયમ પધ્ધતિ હેઠળ કરવામાં આવેલાં વેચાણોનો સમાવેશ કરવો નહિ.

(૫) બજારસંબંધી પ્રોત્સાહનો માટેની પાત્રતા નકકી કરતી વખતે ઉપર ક્રમ (૧) થી (૪)માં દર્શાવવામાં આવેલા મુદા ધ્યાનમાં લેવામાં આવ્યા છે અને બજારસંબંધી પ્રોત્સાહનોનો દાવો કરવા માટે ગણતરીમાં લેવામાં આવેલાં વેચાણોનો સમાવેશ હાથસાળ વિકાસ કમિશ્નરની કચેરીની અન્ય કોઈ યોજના હેઠળ સહાયનો દાવો કરવા માટે કરવામાં આવ્યો નથી એ મતલબનું પ્રમાણપત્ર રાજય સરકારે આપવું જરૂરી બનશે.

(૬) રાજય સરકારે એવું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે કે જે અંગે અનુદાન આપવાનું વિચારાઈ રહયું છે એવા ધ્યાનમાં લેવામાં આવેલા હકદાવા સંપૂર્ણ અને આખરી છે અને સંબંધિત વર્ષ માટે રાજયની અન્ય કોઈપણ સંસ્થાના વધુ કોઈ હકદાવા ભવિષ્યમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## (છ) હાથસાળ સંસ્થાઓ સંગીન બનાવવી

આમાં રાષ્ટ્રીય અને રાજય સ્તરની હાથસાળ સંસ્થાઓની ધિરાણ મર્યાદા / કાર્યકારી મૂડીમાં વધારો કરીને તેમને નભાઉક્ષમ બનાવવાના હેતુથી તેમનું નાણાકીય પુનર્ગઠન કરવા માટેની સહાયનો પણ સમાવેશ થશે.

| ઘટક | વણકરદીઠ નાણાકીય સહાય (રૂા.લાખમાં) | હિસ્સેદારી ભારત સરકાર : રાજય સરકાર : |
|---|---|---|
| હાથસાળ સંસ્થાઓ – હાથસાળ નિગમો, ટોચની સહકારી મંડળઓ, રાષ્ટ્રીય હાથસાળ સંસ્થાઓ સંગીન બનાવવી. | દરખાસ્ત મુજબ | ૫૦ : ૫૦ |

**નોધ :** ઉપર દર્શાવેલા ઘટક પેટેની સહાય માત્ર રાષ્ટ્રીય અને રાજય સ્તરની હાથસાળ સંસ્થાઓને જ લાગુ પડશે. તે કલસ્ટરને લાગુ પડશે નહિ. હાથસાળ સંસ્થાઓ સંગીન બનાવવા માટે રાજય હાથસાળ સંસ્થાઓને આપવાની થતી સહાય સંબંધિત રાજય સરકાર દ્વારા અમલકર્તા એજન્સીને છૂટી કરવામાં આવશે.

આ ઘટક માટે સહાય મેળવવા સંસ્થાઓએ તેમના કામકાજની નીતિઓને સુયોજિત અને સુસંગત બનાવી કર્મચારીઓની સંખ્યા તર્ક સંગત બનાવી, તેમની નભાઉક્ષમતા મજબૂત બનાવવી અનિવાર્ય છે. સંબંધિત બેંક / નાણાં સંસ્થાએ તેમજ રાજય સ્તરીય પરિયોજના સમિતિએ બેકેબલ પ્રોજેકટના સ્વરૂપે આ ટર્ન અરાઉન્ડ સ્ટ્રેટેજી (નિર્ધારિત સમયમાં પૂરી કરવાની પતિવર્તનમૂલક વ્યૂહરચના) મંજૂર કરવાની રહેશે. પરિયોજના હાથસાળ વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા મંજૂર કરવામાં આવેલી કોઈ સ્વતંત્ર મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવશે. સંબંધિત બેંક / નાણાકીય સંસ્થા પરિયોજનાને સૈધ્ધાંતિક મંજૂરી આપશે અને સંગઠનમાં પરિવર્તન લાવવા માટે કેટલું ભંડોળ જરૂરી બનશે તે નકકી કરશે, જેથી તે સંગઠન બિન સહકારી ક્ષેત્રની પ્રાથમિક મંડળીઓ અને વણકરોની બજારસંબંધી પ્રવૃત્તિઓને સહાય કરી શકે.

સંગઠનની જરૂરિયાતોને અનુલક્ષીને આ પરિયોજનાઓ જરૂરિયાત આધારિત રહેશે. પરિયોજના અંતર્ગત કર્મચારીઓની જરૂરિયાત તથા વહીવટી માળખામાં ઘટાડો કરવા અંગે અવશ્ય વિચારવામાં આવશે. સંસ્થાના મહેકમ અંગેના ખર્ચ, વાહનોની ખરીદી અથવા કોઈ મકાન કે માળખું ઊભું કરવા માટે કોઈપણ પ્રકારની સહાય આપવામાં નહીં આવે. રાજય સરકાર દ્વારા સંસ્થાઓને પુનર્જીવિત કરવા માટે મંજૂર કરવામાં આવેલ દરખાસ્તો સચિવ (ટેક્ષટાઈલ્સ) ભારત સરકારના અધ્યક્ષણપદે રચાયેલી સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. આ સમિતિમાં વિકાસ કમિશ્નર (હાથસાળ), નાણાં મંત્રાલયના પ્રતિનિધિઓ, સબંધિત રાજય સરકારના પ્રતિનિધિઓ, સંબંધિત એજન્સીના પ્રતિનિધિઓનો સમાવેશ થશે. આવી પરિયોજનાઓ માટેની સહાય કેન્દ્ર અને રાજય સરકારે ૫૦ : ૫૦ ના ગુણોત્તરમાં હિસ્સેદારીથી વહેંચવાની રહેશે.

**ભાગ–ઘ**

## (ઘ) નવા વિચારો અને યોજનાના પ્રચાર, દેખરેખ, નિયંત્રણ, તાલીમ અને મૂલ્યાંકન માટે સહાય

### (ઘ–૧) નવા વિચારો

યોજનામાં નવા વિચારો અને નવતર પ્રયોગો કરવા માટે ૧૦ ટકા સુધીનું ભંડોળ પૂરું પાડવામાં આવશેક્ કાર્યક્રમના અમલ દરમિયાન યોજનાને નવી રીતે અમલમાં મૂકવાના વિચારો ઉદભવી શકે છે, જે કદાચ યોજનાને મંજૂરી આપવાના સમયે ઉદભવ્યા ન હોય.

### (ઘ–૨) યોજનાનો પ્રચાર, દેખરેખ–નિયંત્રણ, તાલીમ અને મૂલ્યાંકન

(૧) યોજના માટે ફાળવવામાં આવેલા ભંડોળ પૈકી ૨૦ ટકા રકમ પ્રચાર, દેખરેખ નિયંત્રણ, હાથસાળ વિકાસ કમિશ્નરની કચેરી અને રાજયના હાથસાળ નિયામકની કચેરી હેઠળ કામ કરતા અધિકારીઓની તાલીમ તથા યોજનાના મૂલ્યાંકન માટે ખર્ચી શકાશે.

(૨) હાથસાળ વિકાસ કમિશ્નર જરૂરી જણાય તો કોઈ સ્વતંત્ર મૂલ્યાંકન એજન્સીઓની સહાયથી પરિયોજનાઓના અમલ પર દેખરેખ રાખી શકાશે. આ માટે સમયાંતરે અહેવાલો મોકલવાના રહેશે ક્ષેત્ર મુલાકાતો લેવાની રહેશે અને સમીક્ષા બેઠકો યોજવાની રહેશે.

(૩) અમલકર્તા એજન્સીઓ / લાભાર્થીઓને, રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા કાર્યક્રમોના એકંદર અમલીકરણ અને દેખરેખ નિયંત્રણની જવાબદારી સંબંધિત રાજય સરકારની રહેશે.

(૪) રાજય સરકાર વપરાશ પ્રમાણપત્રો અને ઓડિટ કરેલા હિસાબો રજૂ કરવામાં આવે તે સુનિશ્ચિત કરશે જેથી સંકલિત હાથસાળ વિકાસ યોજના હેઠળ તેમજ આ કચેરીની અન્ય યોજનાઓ હેઠળ ભંડોળ છૂટું કરી શકાય.